*Office of* **the Director General Civil Defence & Home Guards,**
& *Ex OffiCio* **Commandant General, Home Guards,Gujarat State,**
Home Guards Bhavan, Laldarwaja, Ahmedabad- 380001.
**Phone No. 079-25506033 / 25506010 Fax No. – 25506021**

જા.નં.કજ/વહટ/૧૩૮૮/૧૬૨૦ /૨૦૨૩ — તારીખઃ-૧૪/૦૯/૨૦૨૩

<u>તાત્કાલીક / ફેકસમેસેજ</u>

પ્રતિ,
તમામ જીલ્લા કમાન્ડન્ટશ્રી,
હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય.

વિષયઃ- માનદ જીલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટની નિમણુંક અંગે જાહેરાત પ્રસિધ્ધ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે, આપના જિલ્લાના માનદ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની ખાલી રહેલ જગ્યા માટે નિમણુક આપવા અંગે આપની કક્ષાએથી નીચે મુજબના નમુનામાં જિલ્લા ખાતે બહોળી પ્રસિધ્ધી ધરાવતા જાહેર સ્થળ તેમજ સ્થાનિક કક્ષાએથી પ્રસિધ્ધ થતાં દૈનિક વર્તમાનપત્રમાં તાત્કાલીક પ્રસિધ્ધ કરાવવા વિનંતી છે.

<u>ટચકુડી નોટીસનો નમુનો</u>

---------------------------- જિલ્લા ખાતે માનદ જીલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ ----------------- ની જગ્યા ભરવાની થતી હોઇ આ અંગે રસ ધરાવતા નાગરિકોને જીલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ કચેરી - ----------------(પુરુ સરનામુ) ના સરનામે તા.૨૫/૦૯/૨૦૨૩ સુધીમાં બાયોડેટા સાથે સ્વયંસ્પષ્ટ અરજી આધાર પૂરાવા સાથે મોકલી આપવાની રહેશે. આ અંગેની વધુ માહિતી હોમગાર્ડઝની વેબસાઇટ homeguards.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

<u>મે.ક.જ.શ્રીના આદેશાનુસાર</u>

આપની વિશ્વાસુ
KJ Bhatt
(કે. જે. ભટ્ટ)
સીનીયર સ્ટાફ ઓફીસર(વહીવટ)
હોમગાર્ડઝ ગુજરાત રાજય

<u>નકલ સવિનય રવાનાઃ</u>-(૧) ઉપસચિવશ્રી ગૃહવિભાગ "ફ" શાખા, ગુજરાત સરકાર, સચિવાલય,ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ</u>- અત્રેની કચેરીની આઇ.ટી.શાખા તરફ આ કચેરીની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ થવા ઘટીત કાર્યવાહી સારૂ.

## માનદ જીલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની નિમણુંક માટેના અરજદારે આપવાની થતી માહિતીની વિગત દર્શાવતુ પત્રક

| જિલ્લાનું નામઃ- | | |
|---|---|---|
| ક્રમ | આપવાની થતી માહિતી | |
| ૧ | અરજદારનુ નામ તથા સરનામુ સંપર્ક નંબર | |
| ૨ | જન્મતારીખ તથા અરજીની તારીખના રોજની ઉંમર (૩૫ વર્ષ થી ૫૫ વર્ષ) | |
| ૩ | શૈક્ષણિક લાયકાત (ઓછામાં ઓછી સ્નાતક કક્ષાની લાયકાતને પ્રથમ પસંદગી) | |
| ૪ | ઉમેદવાર મધ્યપાન માટેની પરમીટ ધરાવતા ન હોવા જોઇએ, તેમજ તેઓને દારૂબંધીધારા, અસ્પૃશ્યતા નિવારણ ધારા કે, ભારતીય દંડ સહિતા હેઠળ કોઇ ગુન્હા અન્વયે સજા થયેલ ન હોવી જોઇએ તે અંગેની લેખિત બાંહેધરી રજુ કરવી. | |
| ૫ | ઉમેદવાર કોઇ પણ રાજયકીય પક્ષ કે કોમવાદી સંસ્થાના સભ્ય હોવા ન જોઇએ, કે તેની વિચારણસરણીથી દોરવાયેલ હોવા ન જોઇએ, કે હોમગાર્ડઝ સંગઠનને આવી બાબતો સાથે સાંકળશે નહી એવી લેખિત આગોતરી બાંહેધરી રજુ કરવી. | |
| ૬ | રાષ્ટ્રપતિશ્રીના હોમગાર્ડઝ કે નાગરિક સંરક્ષણ પૈકી મેડલ મળેલ હોય તો તેનુ વર્ષ તથા પ્રસંગ (આધાર રજુ કરવા) | |
| ૭ | જીલ્લા કમાન્ડન્ટ તરીકે નિમણુંક મળેથી સરકારશ્રી નકકી કરે તે મુજબની વહીવટી તેમજ હિસાબી કામગીરીની તાલીમ મેળવવાની રહેશે. તથા જીલ્લાના મુખ્યમથકે રહેવુ પડશે તે અંગેની લેખિત સંમતિ રજુ કરવી. | |
| ૮ | અરજદારે નીચે મુજબની શારીરિક યોગ્યતા ધરાવતા હોવા જોઇએ, તે અંગેનુ દાકતરી પ્રમાણપત્ર | |

| વિગત | પુરૂષ | મહિલા |
|---|---|---|
| ઉંચાઇ | ૧૬૨ સે.મી. | ૧૫૨ સે.મી. |
| વજન | ૫૦ કિ.ગ્રા. | ૪૨ કિ.ગ્રા. |
| છાતી | ૭૯-ફુલાવ્યા સિવાય<br>૮૪-ફુલાવેલ | લાગુ પડતુ નથી. |

**નોંધઃ**ઉકત જણાવેલ તમામ વિગતોના આધારો સામેલ રાખવા.

ઉમેદવારની સહી /-